# ભાંભરા પાણીમાં મત્સ્ય ઉછેર

ગુજરાતને દેશનો સોથી લાંબા (૧૬૦૦ કિ.મી.) દરિયા કાંઠાની ભેટ મળી છે અને ગુજરાત ૩.૭૬ લાખ હેકટર જેટલો ભાંભરાપાણીનો વિસ્તાર ધરાવતું રાજય હોય દરિયાકાંઠા વિસ્તારના જીલ્લાઓમાં ભાંભરાપાણીના મત્સ્ય ઉછેરના વિકાસની પણ વિપુલ તકો રહેલી છે.

ભાંભરા પાણીની માછલીઓ જેવી કે એશીયન સી બાસ, મીલ્ક ફિશ, ગ્રે મલેટ અને ભાંભરા પાણીના ઝીંગાનો ઉછેર પણ દેશ અને રાજયના ઘણા વિસ્તારમાં વ્યાપારી ધોરણે કરવામાં આવે છે.

ભાંભરા પાણીના ઝીંગાનું નિકાસની દૃષ્ટિએ ખુબ જ મહત્વ હોવાથી મત્સ્ય ખેડૂતોમાં ઝીંગાનો ઉછેર આગવું મહત્વ ધરાવે છે. ઝીંગાનો ઉછેર દરિયાકાંઠાના વિસ્તારના બધાજ રાજયોમાં કરવામાં આવે છે. અને આથી આપણા દેશમાં ઘણું વિદેશી હુંડિયામણ આવે છે.

આ ઉપરાંત ભાંભરા પાણીની માછલીઓ મિલ્કફિશ, ગ્રે મલેટ, સી બાસ વગેરેનો પણ ઉછેર કરી શકાય છે. આ માછલીઓની ખેતી જે ખારખરાબાની જમીન પડતર છે અને ખેતીની દૃષ્ટિએ તેનો કોઈપણ ઉપયોગ નથી ત્યાં આગળ મત્સ્ય તળાવોનું બાંધકામ કરીને કરી શકાય છે.

આપણું રાજય ભાંભરા પાણીના વિસ્તારની દૃષ્ટિએ દેશમાં બીજુ સ્થાન ધરાવે છે. ત્યારે જો ભાંભરાપાણીના ઝીંગા અને માછલીઓનો વૈજ્ઞાનિક ઢબે અને પધ્ધતિસર ઉછેર કરવામાં આવે તો પડતર દરિયાકાંઠાના વિસ્તારોમાં સારી એવી આવક કરી શકાય તેમ છે.

**મીલ્ક ફીશ (*Chanos chanos*)**



- મીલ્ક ફીશ સામાન્ય રીતે ભાંભરા પાણીમાં અને ખારા પાણીમાં જોવા મળે છે.
- તેનો ઉછેર દક્ષિણ પૂર્વના દેશોમાં અને ભારતનાં દક્ષિણના રાજયોમાં કરવામાં આવે છે.
- મીલ્ક ફીશનો વૃધ્ધિ દર ત્રણ થી ચાર માસનાં અંતે ૩૦૦ થી ૪૦૦ ગ્રામ જેટલો ઉછેર તળાવમાં જોવા મળે છે.

**મલેટ (*Mugil cephalus*)**



- મલેટ ફીશ સામાન્ય રીતે ભાંભરા પાણીમાં અને ખારાપાણીમાં જોવા મળે છે.
- તેનો ઉછેર દક્ષિણ પૂર્વના દેશોમાં અને ભારતનાં દક્ષિણના રાજયોમાં કરવામાં આવે છે.
- મલેટ ફીશનો વૃધ્ધિ દર છ માસનાં અંતે ૫૦૦ ગ્રામ જેટલો ઉછેર તળાવમાં જોવા મળે છે.

એસીયન સી બાસ (*Lates calcarifer*)



- એસીયન સી બાસ એ એક માશાહરી માછલી છે.
- એસીયન સી બાસ સામાન્ય રીતે ભાંભરા પાણીમાં અને ખારા પાણીમાં જોવા મળે છે.
- તેનો ઉછેર દક્ષિણ પૂર્વના દેશોમાં અને ભારતનાં દક્ષિણના રાજયોમાં કરવામાં આવે છે.
- એસીયન સી બાસનો વૃધ્ધિ દર છ માસનાં અંતે ૬૦૦ ગ્રામ જેટલો ઉછેર તળાવમાં જોવા મળે છે.

પર્લ સ્પોટ (*Etroplus suratensis*)



- ર્પલ સ્પોટ માછલીઘરમાં પણ રાખવામાં આવે છે. માછલીઘરના માલીકો આ માછલીને 'ગ્રીન ક્રોમાઈડ' ના નામે ઓળખે છે.
- ર્પલ સ્પોટ વધુ પડતી ખારાશ સહન કરવાની ક્ષમતા ધરાવે છે. તેને મીઠાપાણી, ભાંભરાપાણી તેમજ ખારાપાણીમાં પણ ઉછેરી શકાય છે. ર્પલ સ્પોટને તળાવ,ખાડી,ટાંકા અને પિંજરામા ઉછેર કરી શકાય છે.
- ર્પલ સ્પોટનું એક વર્ષના ઉછેર બાદ આશરે ૨૦૦ ગ્રામ જેટલુ કદ જોવા મળે છે.

ટાઈગર ઝીંગા (*Penaeus monodon*)



- પીનીયસ મોનોડોન સૌથી વધારે વૃધ્ધિદર ધરાવતા ભાંભરા પાણીના ઝીંગાની પ્રજાતિ છે.
- ટાઈગર ઝીંગાનો ઉછેર ભારત તેમજ દક્ષિણ પૂર્વના દેશોમાં ખુબજ પ્રચલીત છે.
- આ ઝીંગાનુ વજન ચાર થી પાંચ મહિનાના ઉછેર બાદ આશરે ૩૦ – ૩૫ ગ્રામ જેટલુ થાય છે.

સફેદ ઝીંગા (*Litopenaeus vannamei*)



- પેસીફીક વાઈટ શ્રીમ્પનો સમગ્ર વિશ્વમાં સૌથી વધારે ઉછેર કરવામાં આવે છે.
- ભારતમાં પણ છેલ્લા ૭–૮ વર્ષથી ઉછેરકો સફેદ ઝીંગાનો ઉછેર કરે છે.
- પેસીફીક વાઈટ શ્રીમ્પનું વજન ચાર થી પાંચ મહિનાના સમયમાં ૩૦–૩૫ ગ્રામ જેટલુ થાય છે.